**ફો. પ. અ. નં. ૧૪૬૬/૨૦૨૫ ના કામે આંક–૦૩ થી રજુ વચગાળાની રાહત મેળવવાની અરજી લગત હુકમ**

----------------------------------------

૧. અરજદારે હાલની અરજીમાં વચગાળાની દાદ પેટે સામાવાળા અરજદારને માસિક રૂા.૧૫,૦૦૦/– આપવામાં આવે તથા અરજદાર તેમની માતા સાથે રહી શકે તેમ ન હોય મકાનભાડાના રૂા.૫૦૦૦/– આપે વિકલ્પે સામાવાળા અરજદારને રહેવાની વ્યવસ્થા કરી આપે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

૨. હાલની અરજી દાખલ થતા સુરક્ષા અધિકારીશ્રી, જામનગરનાઓને નિયત નમુના અહેવાલ મંગાવવા યાદી કરવામાં આવેલ અને સુરક્ષા અધિકારીશ્રી જામનગર દ્વારા આંક–૦૬ થી અહેવાલ રજુ કરેલ છે. જે અહેવાલની વિગતો વંચાણે લેવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર અહેવાલ તમામ વિગતો પુન: અહી લખવામાં આવેલ નથી. સુરક્ષા અધિકારીશ્રીએ અરજદારની અરજીની વિગતોને સમર્થન આપતો અહેવાલ રજુ કરેલ હોવાનુ પ્રથમ દર્શનીય જણાય આવે છે.

૩. અરજદારે આંક–૦૧ તથા હાલની અરજીમાં કરેલ કથનો ધ્યાનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર અરજીમાં કરવમાં આવેલ તમામ કથનો પુન: અહી લખવામાં આવેલ નથી. અરજદારે આંક–૦૧ અરજીના પેરા નં. ૩ થી ૭ માં કથન કર્યા અનુસારના આક્ષેપો આ કામના સામાવાળા સામે કરેલ છે.અરજદારે હાલની આંક–૦૩ ની અરજીના પેરા નં. ૧૦ માં વધુમાં કથન કરેલ છે કે, આ કામના સામાવાળાને પોતાની માલીકીના ઘરના બે માળના પાકા મકાન આવેલ છે. સામાવાળા ખોજાનાકા વિસ્તારમાં બેકરી ચલાવે છે. તેમાંથી માસિક રૂા.૫૦,૦૦૦/– થી વધુની આવક મેળવે છે. સામાવાળા

આર્થિક ખૂબ જ સધ્ધરતા ધરાવે છે. સામાવાળાને અરજદાર સિવાય બીજા કોઇના ભરણપોષણની જવાબદારી નથી. જેથી હાલની અરજીમાં માંગ્યા મુજબનો વચગાળાનો હુકમન કરવા અરજ કરેલ છે.

૪. સામાવાળા દ્વારા આંક–૦૯ થી લેખીત જવાબ રજુ કરી અરજદારની અરજીમાં કરવામાં આવેલ કથનોનો પેરાવાઇઝ ઇન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, અરજદાર સાથે તેમના નિકાહની હકીકત ખરી છે. અરજદાર લગ્નની શરૂઆતથી જ તેઓની સાથે તેમના માતા–પિતા સાથે ઝઘડાઓ કરતા, તેમના માતા પુત્રવધુ નહી પંરતુ એક દિકરીની જેમ રાખતા અરજદારને મોજ શોખથી તેમજ છુટછાટ થી હરવુ ફરવુ હોય જેથી તેઓની સોસાયટીનો ત્યાગ કરી અનેક વાર જતા રહેલ છે. તેઓને જાણ કર્યા વગર અનેક વખત માવતરે ચાલ્યા ગયેલા છે. તેમ છતા તેઓનુ ઘર સંસાર ભવિષ્યનું વિચાર કરીને અરજદારની આવી ભૂલો જતી કરીને તેઓ અનેક વખત અરજદારને માફ કરેલી છે. અરજદારને ઘર ખર્ચની રકમ આપતા તેમજ અનાજ કરિયાણુ લઇ આપતા તો પણ અરજદાર ઘરમાં રસોઇ બનાવતા નહી કે તેઓને ખાવાનુ બનાવીને આપતા નહી. અરજદારને તેમના ઘરના સભ્યો કે, કુંટુંબવાળાથી વ્યવહાર રાખેલ નથી કે તેઓને પણ રાખવા દીધેલ નથી. તેમજ તેઓના રૂમમાં તેમના માતા–પિતા તેમજ અરજદારે તેમના રૂમમાં આવવા માટે ના પાડેલ હતી જેથી તેમના રૂમમાં કોઇપણ સભ્યો ઘરમાં આવતા નહી અને જો કયારેક સારે નરસે ખબર અંતર પુછવા માટે તેમના માતા – પિતા આવે તો અરજદાર તેમની સાથે તેમજ તેઓની સાથે ઝઘડો કરે અને તેમના માતા–પિતાની સાથે ખરાબ વર્તન કરીને ન વર્ણવી તથા લખી ન શકાય તે હદે ગાળો આપતા તેમજ તેઓના કુંટુંબનાં કોઇ સભ્યોથી બોલતા જોઇ જાય તો પણ ગાળો આપતા તેમજ ભાઇના છોકરાને પણ ગાળો સિવાય બોલાવતા નહી. તેમજ તેઓને પણ ગાળો આપતી, અરજદાર અનહદ તોછડી ભાષા

વાપરવાની ટેવ વાળા હોય તેમજ અરજદાર તેમની માતા–પિતાનુ પણ અનેક વખત ગાળો આપી અપમાનિત કરેલા છે. સામાવાળાએ તેઓના વાંધા જવાબમાં વધુમાં જણાવેલ છે કે, તેઓ મજુરી કામે જતા હોય સવારે ૯:૦૦ વાગ્યે બેકરીમાં મજુરી કામ કરે છે. નુરે મોહમદી જેમાં રૂા.૩૦૦/– રોજ થી મજુરી કરે છે.

સામાવાળાએ તેઓના વાંધા જવાબના પેરા નં. (૨૫) થી (૩૨) સુધી અરજદાર સામે જે આક્ષેપો કરેલ છે તે વંચાણે લેવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર તમામ કથનો અહી લખવામાં આવેલ નથી. સામાવાળાએ તેઓના જવાબમાં વધુમાં જણાવેલ છે કે, અરજદાર સીવણ કામ કરે છે. તેમજ શિક્ષીત છે. જેથી ઘર બેઠા ઘરમાં સીવણનું કામ કાજ કરીને માસીક રૂા.૧૦,૦૦૦/– જેવી આવક મેળવે છે. જેથી હાલની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

**૪.૧.** સામાવાળા દ્વારા આંક–૧૦ થી હાલની વચગાળાની અરજી સામે લેખીત જવાબ રજુ કરી અરજદારની વચગાળાની અરજી કરવામાં આવેલ તમામ કથનોનો પેરાવાઇઝ ઇન્કાર કરી ઉપરોક્ત પેરામાં ચર્ચા કરી તે અનુસારના કથનો કરેલ છે. સદર આંક–૧૦ થી રજુ લેખીત જવાબમાં કરવામાં આવેલ તમામ કથનો ધ્યાનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર તમામ કથનો પુન: અહી લખવામાં આવેલ નથી.

**૫.** અરજદારની અરજી, સુરક્ષા અધિકારીશ્રીનો અહેવાલ, રજુ થયેલ પેપર્સ વંચાણે લેવામાં આવેલ છે. અરજદારનુ રજુ થયેલ સોગંદનામાની વિગતો અને સામાવાળાનુ આંક–૧૧ થી રજુ સોગંદનામાની વિગતો વંચાણે લેવામાં આવેલ છે. સૌ પ્રથમ કાયદાકીય જોગવાઇ ધ્યાને લેવી જરૂરી બને

છે. ધી ઘરેલું હિંસાખોરીથી રક્ષણ બાબત અધિનીયમ–૨૦૦૫ ની કલમ–૨૩ વંચાણે લેવી જરૂરી બને છે. જે નીચે મુજબ છે.

**કલમ–૨૩ વચગાળાના અને એકતરફી આદેશી આપવાની સતા:–**

(૧) આ કાયદા હેઠળ પોતાની સમક્ષની કાર્યવાહી દરમ્યાન, મેજીસ્ટ્રેટને ન્યાયી અને યોગ્ય લાગે તો વચગાળાના આદેશ આપી શકે છે.

(૨) જો મેજીસ્ટ્રેટને સંતોષ થાય કે પ્રથમ દર્શનીય રીતે જણાય છે કે, પ્રતિવાદીએ હિંસા કરી છે, કરી રહયા છે અથવા હિંસાનુ કોઈ કૃતય કરવાની સંભાવના છે ત્યારે નકકી કરેલ નમુનામાં ભોગ બનનાર વ્યકિતએ આપેલ એફીડેવીટના આધાર ઉપર પ્રતિવાદી ઉપર કલમ–૧૮, ૧૯, ૨૦, ૨૧ અથવા યથાપ્રસંગે કલમ–૨૨ હેઠળ એકતરફી આદેશ કરી શકાશે.

૬. આમ, ઉપરોકત કાયદાની કલમ–૨૩ ની પેટા કલમ–૧ લક્ષે લેતા, મેજીસ્ટ્રેટને ઘરેલું હિંસાથી રક્ષણ આપતા અધિનીયમ હેઠળ દાખલ થયેલ પોતાની સમક્ષ ચાલતી કાર્યવાહીમાં જો ન્યાયી અને યોગ્ય લાગે તો વચગાળાના આદેશ કરવાની મેજીસ્ટ્રેટને સતા હોવાનુ ઠરાવવામાં આવેલ છે. હાલની અરજી અરજદારે સોગંદનામાં પર રજુ કેરલ છે. આમ, કાયદાકીય પરિસ્થિતી લક્ષે લેતા મેજીસ્ટ્રેટને ભોગબનનાર/અરજદારની તરફેણમાં જો ન્યાયી તથા યોગ્ય જણાય તો વચગાળાની રાહતો આપતા આદેશો કરવાની સતા હોવાનું સ્પષ્ટ જણાય છે.

૭. અરજદારના વિ.વ.શ્રી દ્વારા તેઓની અરજીમાં કરવામાં આવેલ કથોનોને અનુરૂપ મૌખીક દલીલો કરી અરજી મંજુર કરવા અરજ કરેલ છે. સામાવાળા વિ.વ.શ્રી દ્વારા તેઓના વાંધા જવાબની વિગતોને અનુરૂપ મૌખીક દલીલો

કરી અરજદાર સ્વેચ્છાએ સામાવાળાનો ત્યાગ કરેલ હોવાની રજુઆત કરી અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

૮. ઉભય પક્ષકારોની રજુઆતો લક્ષે લીધી. સામાવાળાનો જવાબ વંચાણે લેતા અરજદાર તથા સામાવાળા પતિ–પત્ની તથા હોવાનુ સ્પષ્ટ જણાય છે. અરજદારની અરજીની વિગતો લક્ષે લેતા તેઓ હાલની અરજી દાખલ થઇ ત્યારે તેમના માવતરે રહેતા હોવાનુ જણાય આવે છે. સુરક્ષા અધિકારીશ્રી દ્વારા અરજદારની અરજીની વિગતોને સમર્થન આપતો અહેવાલ રજુ કરેલ હોવાનુ પ્રથમદર્શનીય જણાય આવે છે. અરજદારે હાલની અરજીના સમર્થનમાં સોંગદનામુ રજુ કરેલ છે. અરજદારની અરજીની વિગતો લક્ષે લેતા તથા સામાવાળાના જવાબની વિગતો લક્ષે લેતા અરજદાર તથા સામાવાળાના લગ્નજીવનમાં તકરારો ઉપસ્થીત થયેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. અરજદારે તેઓની અરજીમાં સામાવાળાઓ સામે જે આક્ષેપો કરેલ છે તથા સામાવાળા દ્વારા તેઓના વાંધા જવાબમાં અરજદાર સામે જે આક્ષેપો કરેલ છે તે આક્ષેપો પરત્વે પુરાવો નોધવો અનિવાર્ય બને છે. હાલના તબક્કે પ્રથમદર્શનીય રીતે અરજદાર તથા સામાવાળા વચ્ચે લગ્નજીવનમાં તકરાર થયેલ હોવાનુ જણાય છે. અરજદારે તેઓની અરજીમાં સામાવાળા બેકરી ચલાવી માસીક રૂા.૫૦,૦૦૦/– આવક મેળવતા હોવાનુ કથન કરેલ છે. સામાવાળા દ્વારા તેઓના જવાબમાં તેઓ બેકરીમાં મજુરી કામ કરી રોજના રૂા.૩૦૦/– કમાતા હોવાનુ કથન કરેલ છે. અરજદારે તેઓની અરજીમાં સામાવાળા કયા નામથી બેકરી ચલાવે છે તથા સદર બેકરીની મીલકત કોના નામે છે તે બાબતે કોઇ કથન તેમની અરજીમાં કરેલ નથી. અરજદારે આંક–૦૧ ની અરજીમાં સામાવાળા નં. ૧ નાઓની જે આવક દર્શાવેલ છે તે આવક પરત્વે વિગતવાર પુરાવો નોંધવો જરૂરી બને છે. સામાવાળાના જવાબની વિગતો લક્ષે લેતા સામાવાળા આર્થીક સાધનો

કમાવવા શારીરીક તથા માનસિક રીતે સક્ષમ હોવાનુ જણાય છે. હાલના પ્રથમદર્શનીય તબક્કે સામાવાળા પર અરજદાર સિવાય અન્ય કોઇની જવાબદારી ન હોવાનુ જણાય છે. સામાવાળાની એક પતિ તરીકે અરજદારનાં ભરણપોષણ કરવાની સામાજીક તથા નૈતિક જવાબદારી છે. હાલના તબક્કે રેકર્ડ પર રજુ થયેલ તમામ વિગતો લક્ષે લેતા સામાવાળા અરજદારને માસીક વચગાળાના ભરણપોષણ પેટે રૂા.૪૦૦૦/- અંકે રૂપિયા ચાર હજાર પુરા ચુકવી આપે તેવો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. અરજદારને મકાન ભાડા પેટે કોઇ રકમ ચુકવવી પડતી હોય તેવા કોઇ આધાર પુરાવા હાલના તબક્કે રજુ થયેલ નથી. અરજદાર હાલ તેમના માવતરે રહેતા હોવાનુ જણાય છે. અરજદાર સામાવાળા સાથે જે મકાનમાં રહેતા હતા તે મકાન પૈકી કોઇ રૂમનો રહેવા માટે કબજો માંગેલ હોવાનુ જણાતુ નથી. અરજદાર તેમના માવતરે રહી શકે તેમ ન હોય તે અંગે કોઇ સ્પષ્ટ હકીકતો કે કારણો જણાવેલ નથી. જેથી હાલની અરજીમાં માંગવામાં આવેલ અન્ય અરજદારો પરત્વે પુરાવા નોધ્યા બાદ ન્યાયીક નિર્ણય કરવો ન્યાયોચિત જણાય છે. સામાવાળાએ અરજદારની ભરણપોષણ માટે વ્યવસ્થા કરેલ હોય તેવુ જણાતુ ન હોય તે સંજોગોમાં હાલની અરજીની તારીખથી સામાવાળા અરજદારને માસીક ભરણપોષણની રકમ ચુકવી આપે તેવો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. આમ, ઉપરોક્ત ચર્ચા કરી તે તમામ વિગતો લક્ષે લેતા હાલની અરજી પરત્વે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુકમ</u> :-**

(૧) અરજદારની હાલની અરજી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

(૨) આથી હુકમ કરવામાં આવે છે કે, સામાવાળા નં. ૧ નાએ વચગાળાના માસીક ભરણપોષણ પેટે અરજદારને રૂા.૪૦૦૦/- અંકે રૂપિયા ચાર હજાર પુરા અરજી કર્યા તારીખથી નિયમીત રીતે ચડયે ચડયા દર માસે

મુળ અરજી/ફરીયાદના આખરી નિકાલ સુધી અરજદારને ચુકવી આપવા.

(૩) સામાવાળાએ અન્ય દિવાની અથવા ફોજદારી અથવા નામદાર ફેમીલી કોર્ટના હુકમના આધારે અરજદારને વચગાળાના/આખરી ભરણપોષણ પેટે કોઇ રકમ ચુકવેલ હોય અથવા ભવિષ્યમાં ચુકવી આપે તો તે તમામ રકમ ઉપરોકત પેરામાં ઠરાવેલ ભરણપોષણની ચુકવવાની થતી રકમમાંથી બાદ મેળવવા સામાવાળા નં. ૧ હકકદાર રહેશે.

(૪) હાલની અરજીમાં અરજ કરવામાં આવેલ અન્ય દાદો હાલના તબકકે નામંજુર કરવામાં આવે છે.

(૫) હાલની અરજીના ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

આ હુકમ તા.૦૬ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ-૦૬/૦૩/૨૦૨૬. **(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)**

જામનગર ૩ જા અધીક ચીફ જયુ. મેજીસ્ટ્રેટ, જામનગર.

Judge Code No. GJ00957